# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 2-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

- ✓ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં ગઇકાલે સરેરાશ 62.36 ટકા મતદાન થયું છે.
- ✓ અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભાની ચૂંટણીની મતગણતરીનો આરંભ થયો છે.
- ✓ સર્વોચ્ચ અદાલતના નિર્ણય મુજબ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે આત્મસમર્પણ કરવું પડશે.
- ✓ આ વર્ષના મે મહિનામાં વસ્તુ અને સેવા કર **GST**ની આવક એક લાખ 73 હજાર કરોડ રૂપિયા થઈ છે.
- ✓ આસામમાં પૂરની સ્થિતિ વણસી છે પૂરથી કુલ મૃત્યુઆંક 11 થયો
- ✓ **FIH** હોકી પ્રો લીગ **2023-24**ની સ્પર્ધામાં આજે ભારતીય મહિલા હોકી ટીમનો મુકાબલો ગ્રેટ બ્રિટન સામે થશે.

*****************************************************************

# ASSEMBLY COUNTING

અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભાની ચૂંટણીની મતગણતરીનો આરંભ થયો છે. બંને રાજ્યોમાં આજે સવારે 6 વાગ્યાથી મતગણતરી શરૂ થઈ છે.

આવતીકાલે બંને વિધાનસભાની મુદત પૂરી થઈ રહી છે. ઉત્તર-પૂર્વના બે રાજ્યોમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી 19મી એપ્રિલે એક સાથે યોજાઈ હતી. અરુણાચલ પ્રદેશમાં 60 વિધાનસભા બેઠકો છે, જેમાંથી ભાજપે 10 બેઠકો બિનહરીફ જીતી લીધી છે. રાજ્યભરમાં 24 મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે અને બે હજારથી વધુ ચૂંટણી અધિકારીઓ કામગીરી કરી રહ્યા છે. સિક્કિમમાં, 32 સભ્યોની વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું. 146 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરવા માટે મત ગણતરી માટે રાજ્યભરમાં છ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. જેમાં વર્તમાન મુખ્યમંત્રી પ્રેમસિંહ તમંગ અને સિક્કિમ ક્રાંતિકારી મોરચાના રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ અરુણકુમાર ઉપ્રેતી, ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગ અને સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના ફૂટબોલ ખેલાડી બાઈચુંગ ભૂટિયા, નવા ફ્લોટેડ સિટીઝન એક્શનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર ગણેશકુમાર રાય અને બીજેપીના પ્રદેશ અધ્યક્ષ ડી આર થાપાનો સમાવેશ થાય છે.

...............................................

# SEVENTH-PHASE-POLLING

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં ગઇકાલે સરેરાશ 62.36 ટકા મતદાન થયું છે.

આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 57 સંસદીય મતવિસ્તારોમાં મતદાન થયું હતું. તેમાં ઉત્તરપ્રદેશ અને પંજાબમાં 13-13, પશ્ચિમ બંગાળમાં નવ, બિહારમાં આઠ, ઓડિશામાં છ, હિમાચલ પ્રદેશમાં ચાર, ઝારખંડમાં ત્રણ અને ચંદીગઢમાં એક સંસદીય બેઠકનો સમાવેશ થાય છે.

દરમ્યાન બિહારમાં 51.92 ટકા મતદાન થયું છે. જ્યારે ચંદીગઢમાં 67.90 ટકા, હિમાચલ પ્રદેશમાં 70.05 ટકા અને ઝારખંડમાં 70.66 ટકા મતદાન થયું હતું. પંજાબમાં 61.32 ટકા, ઉત્તરપ્રદેશમાં 55.59 ટકા અને પશ્ચિમ બંગાળમાં 73.79 ટકા મતદાન નોંધાયું છે. ઓડિશામાં 70.67 ટકા મતદાન થયું હતું. ગઈકાલે રાજ્યની બાકીની 42 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થયું હતું.

લોકસભા ચૂંટણીના સાતમા તબક્કામાં કુલ 904 ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં ભાજપાના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનુરાગ ઠાકુર, રવિશંકર પ્રસાદ અને કંગના રનૌત, જ્યારે કોંગ્રેસના મનીષ તિવારી અને વિક્રમાદિત્ય સિંહ, RJDના મીસા ભારતી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત હિમાચલ પ્રદેશની છ બેઠકો તથા બિહાર, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 1-1 બેઠક માટે પણ વિધાનસભાની પેટાચૂંટણી ગઇકાલે યોજાઈ હતી. તમામ તબક્કામાં મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું. ચૂંટણી પંચે નિર્ભય મતદાન માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. આ વખતે બહુ ઓછી જગ્યાએ પુન: મતદાનની સ્થિતિ જોવા મળી હતી. મતગણતરી મંગળવારે ચોથી જૂન થશે.

……………………………………………

# ECI-CENTRAL-FORCES

ચૂંટણી પછી કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે ચૂંટણી પંચે રાજ્યોમાં કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરાયા છે.

આયોગે રાજ્યો અને કેન્દ્રીય નિરીક્ષકોના મૂલ્યાંકનના આધારે આ નિર્ણય લીધો છે. આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં મતગણતરી બાદ 15 દિવસ માટે સુરક્ષા દળો તૈનાત કરાવવામાં આવ્યા છે. જ્યારે મતગણતરી બાદ બે દિવસ સુધી ઉત્તરપ્રદેશ, ઓડિશા, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં સુરક્ષા દળો તૈનાત રહેશે.

..............................................

# LOK-SABHA-COUNTING

ગઇકાલે પૂર્ણ થયેલી સાત તબક્કાની લોકસભા ચૂંટણી ઉપરાંત આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભાની ચૂંટણીઓ અને વિધાનસભા પેટાચૂંટણીની મતગણતરી ચોથી જૂને સવારે 8 વાગ્યે શરૂ થશે. ચૂંટણી પંચે મત ગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી છે. પંચના જણાવ્યા અનુસાર, મતગણતરીનું વલણ અને પરિણામો ચૂંટણી પંચની વેબસાઇટ results.eci.gov.in (results.eci.gov.in) અને મતદાર હેલ્પલાઇન એપ પર ઉપલબ્ધ રહેશે.

..............................................

# PM Modi - ECI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી નિષ્પક્ષ અને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા બદલ ચૂંટણી પંચની ભૂમિકાની પ્રશંસા કરી છે.

સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં તેમણે કહ્યું કે, પંચના સમર્પણ અને વ્યવસ્થિત પ્રયાસોને કારણે ભારતીય લોકશાહીમાં લોકોની શ્રદ્ધા મજબૂત થઈ છે

**અને દેશવાસીઓએ વિશ્વાસ સાથે મતદાન કર્યું છે. શ્રી મોદીએ કહ્યું કે, ભારતની ચૂંટણી પ્રક્રિયા લોકતાંત્રિક મૂલ્યોમાં વિશ્વાસ વધારે છે.**

**પ્રધાનમંત્રીએ ચૂંટણી દરમિયાન સુરક્ષા દળોની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે સુરક્ષા દળોના કારણે સલામત વાતાવરણમાં મતદાન થયું અને લોકો સરળતાથી ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈ શક્યા.**

..............................................

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

................................................

# ARVIND KEJRIWAL JAMIN

દિલ્હીની રાઉસ એવન્યુ અદાલતે દિલ્હી આબકારી કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની નિયમિત અને વચગાળાની જામીન અરજી પર સુનાવણી કરતા ચુકાદો અનામત રાખ્યો છે. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા હવે આગામી પાંચમી જૂને ચુકાદો સંભળાવવાનો આદેશ આપ્યો છે.

અદાલતના આ નિર્ણયનો અર્થ એ કે, શ્રી કેજરીવાલે આજે આત્મસમર્પણ કરવું પડશે. પ્રવર્તમાન નિદેશાલય તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતા અને S.S.G. એસ. વી. રાજૂ અને શ્રી કેજરીવાલ તરફથી વરિષ્ઠ વકીલ એન. હરિહરન અદાલતમાં ઉપસ્થિત રહ્યા હતા. સુનાવણી શરૂ થતાં જ સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું કે, શું અરવિંદ કેજરીવાલ આત્મસમર્પણ કરશે. જ્યારે શ્રી કેજરીવાલે પત્રકાર પરિષદ યોજી કહ્યું કે, તેઓ આજે જાતે ત્રણ વાગ્યે આત્મસમર્પણ કરશે.

શ્રી કેજરીવાલે પોતાની પત્રકાર પરિષદમાં ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. તેઓ જાતે આત્મસમર્પણ નથી કરી રહ્યા, પરંતુ તેઓ તો સર્વોચ્ચ અદાલતના નિર્ણય અનુસાર આત્મસમર્પણ કરી રહ્યા છે.

……………………………………………

# GST- COLLECTIONS

**મે મહિના માટે વસ્તુ અને સેવા કર GSTની આવક 1 લાખ 73 હજાર કરોડ રૂપિયા નોંધાઈ છે.**

**નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, મે મહિનાના કુલ કર સંગ્રહણમાંથી, સીજીએસટી 32 હજાર કરોડ રૂપિયાથી વધુ, એસજીએસટી 40 હજાર કરોડ રૂપિયાથી વધુ, આઈજીએસટી 87 હજાર 781 કરોડથી વધુ જ્યારે સેસ 12 હજાર કરોડ રૂપિયા છે. રિફંડ બાદ છેલ્લા મહિનાની ચોખ્ખી GST આવક 1 લાખ 44 હજાર કરોડ રૂપિયા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 6.9 ટકાની**

વૃદ્ધિ દર્શાવે છે. નાણાંકીય વર્ષ 2024-25માં GST કર સંગ્રહણ 3 લાખ અને 83 હજાર કરોડ રૂપિયા થયું છે.

.............................................

# ASSAM-FLOOD

આસામમાં પૂરની સ્થિતિ વણસી છે, જેના કારણે 10 જિલ્લાઓમાં છ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. છેલ્લા 24 કલાકમાં 3 લોકોએ જીવ ગુમાવતાં પૂરમાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા 11 થઈ છે

મગ્ર રાજ્યમાં કુલ 597 ગામ અસરગ્રસ્ત થયા છે અને 4,800 હેક્ટરથી વધુ પાક વિસ્તારને નુકસાન થયું છે. રાજ્ય સરકારે પૂર અસરગ્રસ્ત જિલ્લાઓમાં 187 રાહત શિબિરો અને 96 રાહત વિતરણ કેન્દ્ર શરૂ કર્યા છે. બચાવ અને રાહત કામગીરી માટે NDRF અને SDRFની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ હૈલાકાંડી, કચર અને કરીમગંજમાંથી ત્રણના મોત થયાની પુષ્ટિ થઈ છે. છેલ્લા 24 કલાકમાં, NDRFની વધારાની ટીમને ગુવાહાટીથી આ જિલ્લાઓમાં એરલિફ્ટ કરવામાં આવી છે. આસામ રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળના જણાવ્યા અનુસાર, કેટલાક જિલ્લાઓમાં પૂરના પાણીથી 27 રસ્તાઓ અને અન્ય માળખાગત સુવિધાઓને નુકસાન થયું છે. ન્યુ હાફલોંગ-ચંદ્રનાથપુર સેક્શન વચ્ચે ટ્રેક ક્ષતિગ્રસ્ત થવાને કારણે અને સિલ્ચર સ્ટેશન પર પાણી ભરાઈ જવાને કારણે, નોર્થ-ઇસ્ટ ફ્રન્ટિયર રેલ્વેએ આ રૂટ પરની ઘણી ટ્રેનોને રદ કરી છે તો કેટલીક આંશિક રીતે રદ કરી છે.

તેજપુર, ગુવાહાટી અને ગોલપારામાં બ્રહ્મપુત્રા નદીનું જળસ્તર વધી રહ્યું છે. કોપીલી, ધનસિરી, પાગલડિયા, બુરહીડીહિંગ અને કુશિયારા નદીઓના જળસ્તર પણ ઘણી જગ્યાએ વધી રહ્યા છે.

……………………………………..

# FIH-PRO-HOCKEY-WOMEN

FIH હોકી પ્રો લીગ 2023-24 ની સ્પર્ધામાં આજે ભારતીય મહિલા હોકી ટીમનો મુકાબલો ગ્રેટ બ્રિટન સામે થશે.

દરમ્યાન ગઇકાલે રમાયેલી પ્રથમ મેચમાં ભારતનો જર્મની સામે 1-3 થી પરાજય થયો હતો. ભારત તરફથી દીપિકાએ 23મી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો જ્યારે જર્મની માટે શાર્લોટ સ્ટેપનહોર્સ્ટ, સોન્જા ઝિમરમેન અને નાઈકી લોરેન્ઝે એક-એક ગોલ કર્યો હતો.

………………………………………….

# GAZA-CONFLICT-MEDIATORS

કતાર, ઇજિપ્ત અને અમેરિકાના મધ્યસ્થીઓએ અમેરિકાના પ્રમુખ જો બાઈડેન દ્વારા દર્શાવેલ યુદ્ધવિરામ સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવા માટે ગઇકાલે સંયુક્ત રીતે ઇઝરાયેલ અને હમાસ સાથે બેઠક કરી હતી.

સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ માટે ચાલી રહેલી ચર્ચાઓમાં મધ્યસ્થી તરીકે, ત્રણેય દેશો સંયુક્ત રીતે હમાસ

અને ઇઝરાયેલને અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડેનના સિદ્ધાંતોને અનુરૂપ સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવા હાકલ કરે છે.

રાષ્ટ્રપતિ બાઈડેને શુક્રવારે એક ભાષણમાં ત્રણ તબક્કાના ઇઝરાયેલ પ્રસ્તાવનો ખુલાસો કર્યો હતો. જેમાં તેમણે કહ્યું કે ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત આવશે અને તમામ બંધકોને મુક્ત કરવામાં આવશે.

જો કે, ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ભારપૂર્વક જણાવ્યું છે કે જ્યાં સુધી હમાસની સૈન્ય અને શાસન ક્ષમતાઓનો નાશ ન થાય અને તમામ બંધકોને મુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી ગાઝામાં કાયમી યુદ્ધવિરામ નહીં થાય. તેમના કાર્યાલયે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઇઝરાયલે યુદ્ધ સમાપ્ત કરવાની શરતોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

..............................................